MINISTRY OF EDUCATION, SINGAPORE
in collaboration with
UNIVERSITY OF CAMBRIDGE LOCAL EXAMINATIONS SYNDICATE
General Certificate of Education Ordinary Level

**GUJARATI** **3199/02**

Paper 2 Language Usage and Comprehension

October/November 2006

**1 hour 30 minutes**

Additional Materials: Answer Sheet

**READ THESE INSTRUCTIONS FIRST**

Write your Centre number, index number and name on all the work you hand in.
Write in dark blue or black pen.
Do not use staples, paper clips, highlighters, glue or correction fluid.

Answer **all** questions.

At the end of the examination, fasten all your work securely together.
The number of marks is given in brackets [ ] at the end of each question or part question.

This document consists of **10** printed pages and **2** blank pages.

Singapore Examinations and Assessment Board

SP (SJF4041) T10416/3
© UCLES & MOE 2006

UNIVERSITY of CAMBRIDGE International Examinations

[Turn over

## Section A

### વિભાગ ક

**A1 Combination of Words** [10]

નીચે આપેલા શબ્દોની સંધિ કરો

1 ભાગ્ય + ઉદય

2 દિન + અંત

3 પ્રતિ + એક

4 સુ + અધ્યાય

5 વિશ્વ + જિત

© UCLES & MOE 2006

## A2 Idioms, Proverbs and Words in Pairs [10]

રૂઢિપ્રયોગ, કહેવત, જોડશબ્દ

નીચે આપેલાં વાક્યોમાં ખાલી જગા ભરવા માટે વાક્યોની નીચે રૂઢિપ્રયોગ, કહેવત, જોડશબ્દ આપ્યાં છે તેમાંથી યોગ્ય રૂઢિપ્રયોગ, કહેવત, જોડશબ્દ શોધી તેનો ઉત્તર ઉત્તરપત્રિકા(Answer Sheet)માં લખો.

6 વિમાનમાં મોટો અવાજ થવાથી બધાના ____________________ ગયા.

7 બધા પ્રશ્નોના જવાબ સુનિલની __________________ છે.

8 વધારે વ્યાજ માટે લોકોએ ખોટી કંપનીમાં પૈસા મૂકયા તેથી મૂળ રકમ પણ ઓછી થઇ એ તો ______________________ જેવું કહેવાયને?

9 આપણું કામ પૂરું કરાવવા માટે આપણે મુરખ માણસને પણ વિનંતિ કરવી પડે એ તો __________________ જેવું છે.

10 ઝડપથી ચાલતી ગાડી તેણે ____________________ પકડી.

| | | | |
|---|---|---|---|
| (1) | જીવ અધ્ધર થવો | (2) | એક હાથે તાળી ન પડે |
| (3) | લોહી બાળવું | (4) | અતિ લોભ તે પાપનું મૂળ |
| (5) | વાંધો ઉઠાવવો | (6) | ગરજે ગધેડાને બાપ કહેવો |
| (7) | દોડતાદોડતા | (8) | મન હોય તો માળવે જવાય |
| (9) | જીભને ટેરવે હોવું | (10) | સાચું જૂઠું |

© UCLES & MOE 2006

## A3 Sentence Transformation [10]

વાક્ય રૂપાંતર

દરેક સંપૂર્ણ વાક્યની નીચે અધૂરાં વાક્યો આપ્યાં છે. તે વાક્યોને યોગ્ય શબ્દની મદદથી એવી રીતે પૂરાં કરો જેથી તેની ઉપર આપેલાં વાક્યોનો અર્થ ન બદલાય. ઉત્તરપત્રિકા (Answer Sheet) માં માત્ર ઉત્તર લખો:

11 સારા માર્ક પાસ થવા માટે બધા પ્રશ્નોના ઉત્તર સારા આપવા જોઇએ.

બધા પ્રશ્નોના ઉત્તર સારા આપીએ તો ______________________________.

12 રાજ રેલ્વે સ્ટેશને પહોંચ્યો તે પહેલાં તેની ગાડી ઉપડી ગઇ હતી.

રાજની ગાડી તેના રેલ્વે સ્ટેશને ______________________________ .

13 કુદરતમાં સમતોલન જાળવવું હોય તો આપણે કુદરતનો ગેરઉપયોગ ન કરવો જોઇએ.

કુદરતનો ગેરઉપયોગ કરીએ તો તેનું ______________________________ .

14 પીવાના પાણીના પ્રદુષણને કારણે એશિયાનાં કેટલાંક બાળકોમાં માંદગી ફેલાય છે.

એશિયાનાં કેટલાંક બાળકોમાં માંદગી ફેલાય છે કારણ કે ______________________________.

15 ઘોડાગાડી કરતાં બળદગાડી ધીમી જાય છે.

બળદગાડી કરતાં ______________________________.

## A4 Cloze Passage [20]

ક્લોઝ પેસેજ

નીચેના લખાણમાં આપેલી ખાલી જગા ભરવા માટે ખૂટતા શબ્દો લખાણની નીચે આપ્યા છે. દરેક ખાલી જગા ભરવા માટે યોગ્ય શબ્દ શોધી તેનો ઉત્તર ઉત્તરપત્રિકા (Answer Sheet) માં લખો.

મોબાઇલ ફોનને કારણે લાખો લોકોના જીવનમાં __**16**__ થયું છે એમાં કોઇ શંકા નથી. યુવાન પેઢી આ નવી ટેક્નોલોજીનો __**17**__ કરવાનું તેમનાં માતાપિતા કરતાં જલદી શીખી છે. આ મોબાઇલ ફોનો જેમાં મૌખિક સદેશો આપી શકાતો હતો તેની સાથે સાથે હવે ટેક્ષ્ટ મેસેજ એટલે કે __**18**__ સદેશો પણ મોકલી શકાય તેવો પણ ઉમેરો કરાયો છે અને સદેશાવાહનની આ પદ્ધતિ દુનિયામાં સૌથી વધારે __**19**__ બની ગઇ છે. રસ્તાઓ પર યુવાનોને તેમના સેલ ફોનમાં તાકીને જોતા હોય, ડાયલ પેડ પર ટૂંકા લેખિત સદેશા __**20**__ મૂકતા હોય કે આવતા સદેશા વાંચતા હોય એવું __**21**__ જોવાનું હવે બહુ સામાન્ય બની ગયું છે. જે ઝડપથી આ યુવાનો તેમના સદેશા મોકલે છે તે ખરેખર __**22**__ છે. આવા લેખિત સદેશાઓ યુવાનો ખૂબ ઓછા ખર્ચે મોકલી શકે છે તે એક મોટામાં મોટી __**23**__ બાબત છે કારણ કે મોટા ભાગના યુવાનો હજી કાંઇ કમાતા નથી હોતા. આમ છતાં થોડી __**24**__ બાબતો છે કારણ કે વૈજ્ઞાનિકો માને છે કે આવા લેખિત સદેશાઓને કારણે ૧૯ વર્ષની ઉંમરના અડધા યુવાનોની ઊંઘની ગુણવત્તા પર અસર થવાની શક્યતા છે. સૂવા જતી વખતે કેટલાક યુવાનો તેમનો મોબાઇલ ફોન પથારીમાં સાથે રાખે છે જેથી કોઇ આવતા લેખિત સદેશા તરત જ વાંચી શકાય. વૈજ્ઞાનિકોના __**25**__ પ્રમાણે સ્વસ્થતા પૂર્વકની ઊંઘની પદ્ધતિ પર મોડી રાતે બતાવાતા ટેલીવીઝનના કાર્યક્રમોની ખરાબ અસર કરતાં સેલ ફોનના લેખિત સદેશાની ખરાબ અસર થાય એ વધારે ગંભીર છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| (1) | ચિંતાજનક | (6) | ઉપયોગ | (11) | આશ્ચર્યજનક |
| (2) | વૈજ્ઞાનિકો | (7) | ઉમેરો | (12) | યુવાનો |
| (3) | દ્રશ્ય | (8) | ઝડપથી | (13) | પરિવર્તન |
| (4) | શક્યતા | (9) | સદેશા | (14) | મત |
| (5) | લેખિત | (10) | ફાયદાકારક | (15) | લોકપ્રિય |

© UCLES & MOE 2006

## Section B

### વિભાગ ખ

### એશિયાના હાથી

નીચે આપેલું લખાણ ધ્યાનથી વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો.

એશિયાના હાથી તેમના નાના કદ, ઊંચી પીઠ, નાના હાથીદાંત અને નાના કાન પરથી તેમના જેવા આફ્રિકાના હાથી કરતાં જુદી રીતે ઓળખી શકાય છે. આ હાથીઓ મુખ્યત્વે ભારત અને સુમાત્રાની વચ્ચે આવેલાં નીચાણનાં જંગલોમાં મળી આવે છે અને તેઓ જૂથમાં કે વિસ્તૃત પામેલા પાંચથી વીસ સુધીની સંખ્યામાં ઘરડી હાથણીની સરદારી હેઠળ રહેતા હોય છે.

એશિયાના હાથીઓ નીચાણવાળાં જંગલોને છેડે ઝડપથી ઊગતા સ્વાદિષ્ટ છોડો ખાય છે. તેઓને ફળો પણ ખૂબ ભાવે છે અને તે મેળવવા માટે ક્યારેક ઝાડોને પણ તોડીને નીચે પાડે છે. હાથીઓ ખૂબ બગાડ કરે છે એવો આરોપ એમના પર મૂકાય છે કારણ કે જ્યાં જ્યાં તેઓ ખાય છે ત્યાં ત્યાં તેઓ ભાંગતોડની નિશાની મૂકતા જાય છે. જંગલી ગાય, બકરી અને હરણ જે હાથીઓની પાછળ પાછળ જતાં હોય છે તેમને જંગલોમાં આ તૂટેલાં ઝાડ–છોડમાં જે કાંઇ વધ્યું ઘટ્યું હોય તે ખાવા માટે મળી રહે છે. દેખીતી રીતે જોતાં હાથી ઘણા મોટા વિસ્તારમાં ફરી શકતા હશે જેથી જે જગાઓએ નુકસાન થયું છે તે જગાઓને ફરીથી ઊગવાનો સમય મળે છે.

પુખ્ત ઉંમરનો એક હાથી એક દિવસમાં લગભગ એક્સોપચાસ કિલોગ્રામ જેટલો ખોરાક લે છે અને સીત્તેરથી નેવું લીટર જેટલું પાણી પીએ છે. એશિયાના હાથીઓને ગરમી નથી ગમતી અને બપોરે ઊંડો છાંયડો શોધતા હોય છે. આફ્રિકાના હાથીઓના મોટા કાનની જેમ તેમના નાના કાન તેમનાં મોટાં શરીર ઠંડાં કરી શકતા નથી.

સ્વાદિષ્ટ રસાળ વનસ્પતિ અને ફળો ખાવાં તેમને ગમતાં હોવાથી જ્યાં જ્યાં માનવી અને જંગલી હાથીને ભેગા થવાનું બને છે ત્યાં ત્યાં વિરોધ ઊભો થાય છે. ઇન્ડોનીશ્યામાં હાથીને રક્ષિત ગણવામાં આવે છે અને તેને દુશ્મન પણ ગણાય છે. ખેડૂતોનું રક્ષણ કરવા માટે ઘણી પદ્ધતિઓ કામમાં લેવાઇ છે જેમ કે હાથીઓને ખસેડી બીજી જગાઓએ તેમનો વસવાટ કરાવવાનો કે વીજળીની વાડ ઊભી કરવાનો પણ આ બધાને પૂરી સફળતા મળી નથી.

થાઇલેન્ડમાં હાથીઓને ઉછેરવાની એક જૂની પ્રણાલી છે. હાથી ખૂબ શક્તિશાળી હોવાથી, લાંબું જીવતા હોવાથી અને શીખવાની આવડત હોવાથી અહીં તેઓ ભારે વજન લઇ જવા લાવવા માટે ઘણા ઉપયોગી ગણાય છે. આમ છતાં સાચી રીતે જોતાં હાથી ઘરઉછેરની જાતિનું પ્રાણી ન ગણી શકાય કારણ કે બાંધેલા કે પાંજરામાં રાખેલા હાથીઓમાં ભાગ્યે જ નાના હાથીનો જન્મ થતો હોય છે.

© UCLES & MOE 2006

**B5 MCQ Comprehension** [14]

વિકલ્પવાળા બોધપ્રશ્નો

લખાણને આધારે નીચે સાત પ્રશ્નો આપ્યા છે અને તે દરેક પ્રશ્ન માટે ચાર-ચાર વિકલ્પો આપ્યા છે તેમાંથી યોગ્ય વિકલ્પ શોધી તે નંબર ઉત્તરપત્રિકા (Answer Sheet) માં લખો.

**26** ઑશિયાના હાથી આફ્રિકાના હાથી કરતાં જુદા છે કારણ કે

**(1)** તેમના કાન મોટા હોય છે અને હાથીદાંત ટૂંકા હોય છે.

**(2)** સામાન્ય રીતે તેઓ નાના હોય છે અને તેમના હાથીદાંત ટૂંકા હોય છે.

**(3)** તેઓ કદમાં મોટા હોય છે અને તેમના હાથીદાંત લાંબા હોય છે,

**(4)** તેમના કાન નાના હોય છે અને હાથીદાંત લાંબા હોય છે.

**27** ઑશિયાના હાથી પસંદ કરે છે કે તેઓ

**(1)** વીસના જૂથમાં રહે.

**(2)** વીસ કરતાં વધારે મોટા જૂથમાં રહે.

**(3)** માત્ર હાથણી સાથે રહે.

**(4)** પાંચથી ઓછી સંખ્યાના કુટુંબમાં રહે.

**28** બીજાં પ્રાણીઓ

**(1)** હાથીઓ બીજી બધી વનસ્પતિ ખાય તે પહેલાં ખાય છે.

**(2)** ખોરાક મેળવવા માટે ઘણી વખત વૃક્ષોનો નાશ કરે છે.

**(3)** હાથીઓ આવે તે પહેલાં ભાગી જાય છે.

**(4)** હાથીઓએ જે ન ખાધું હોય તેનો ફાયદો ઉઠાવે છે.

29 એશિયાના હાથીઓ

(1) પાસે શરીર ઠંડું કરવા માટે સારું સાધન નથી હોતું.

(2) આફ્રિકાના હાથીઓ કરતાં વધારે ખાય છે અને પીએ છે.

(3) માટે તેમના નાના કાન તેમનું શરીર ઠંડું રાખવા માટે સારા હોય છે.

(4) બપોરે આસપાસ ફરવાનું પસંદ કરે છે.

30 હાથીઓ જે નુકસાન કરે છે તેનાથી બચવા માટે ઇન્ડોનીશ્યાના ખડૂતોને જે મદદ અપાય છે તે

(1) હંમેશાં સફળ થઇ છે.

(2) ક્યારે ય સફળ નથી થઇ.

(3) અંતે સફળ થઇ છે.

(4) કેટલીક વખત સફળ થઇ છે.

31 ઇન્ડોનીશ્યામાં

(1) હાથીઓ હમેશાં દુશ્મન તરીકે ગણાયા છે.

(2) હાથીઓને મિત્ર અને દુશ્મનની લાગણીથી જોવાયા છે.

(3) ખડૂતોએ ફળો ઉગાડવાનું બંધ કર્યું છે.

(4) હાથીઓને બચાવવા બધા લોકો સખત પ્રયત્ન કરે છે.

32 થાઇલેન્ડમાં

(1) હાથીઓને સંપૂર્ણ રીતે પાળેલાં પ્રાણી તરીકે ઉછેરાય છે.

(2) હાથીઓને પાંજરામાં રખાય છે.

(3) હાથીઓ મુખ્યત્વે એક કામ કરતાં પ્રાણી છે.

(4) હાથીઓની હોશિયારીને કારણે તેને વેચવો એ કીમતી ગણાય છે.

© UCLES & MOE 2006

## Section C

### વિભાગ ગ

### ઇન્ડોનીશ્યાની મુસાફરી

નીચે આપેલું લખાણ ધ્યાનથી વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર પૂરાં વાક્યોમાં શક્ય હોય ત્યાં સુધી તમારા પોતાના શબ્દોમાં આપો.

માકાસરના બંદર પર અઢાર વર્ષની એક અંગ્રેજ વ્યક્તિએ દૂર આવેલા બાન્ડા ટાપુ માટે એક મુસાફરો માટેની આગબોટમાં સફર આદરી. તે આવાં તોફાની પાણીમાં મુસાફરી કરવા માટે બહુ ઉત્સુક ન હતો પણ પહેલાંના સમયમાં ઇન્ડોનીશ્યાએ તેના ઇતિહાસમાં ભજવેલા અગત્યના ભાગને કારણે બધા ટાપુઓ જોવા માટે તેણે નિશ્ચય કર્યો હતો. સત્તરમી સદીમાં આ ટાપુઓ જાયફળ જે ખાવાનું બનાવવામાં મસાલા તરીકે વપરાતું હતું તેના વેપારમાં યુરોપ રસ લેતું હોવાથી વેપારનું કેન્દ્ર બની ગયા હતા.

યુવાન મુસાફર ટોળાંમાં ધક્કામૂક્કી કરતો આગળ નીકળ્યો અને તેની પોતાની નાની કેબીન શોધી કાઢી. મુસાફરોમાં તેણે નાનાં બાળકો અને યુવાન લોકોને પણ જોયા જેઓ ઘરથી જાણે કે પહેલી જ વાર દૂર જતા હોવાથી ગભરાયેલા દેખાતા હતા. પણ આગબોટના મોટા ભાગના મુસાફરો મુસાફરી અંગેના કોઇ પણ જાતના ભય વગર પોતાનાં નિત્યક્રમ શાંતિથી કરતા હતા. વધારે સારી જાતની કેબીનોમાંની એક કેબીન વાંકાચૂકા દાંતવાળા સરોંગ પહેરેલા મોતીના વેપારી જે એક મોતી ભરેલા ડબા પર તીવ્ર નજર રાખતા હતા તેમણે લીધી હતી. વટાણા જેટલા મોટા એક કાળા મોતીને ઊંચા કરેલા હાથમાં રાખી ગર્વ પૂર્વક બોલ્યા "બહુ સરસ". આખી મુસાફરી દરમિયાન બળવાન માણસો તેમના બારણાંની બહાર ઊભા હતા અને કોઇને પણ કેબીનમાં દાખલ થવાની સખત મનાઇ હતી.

બીજે દિવસે જ્યારે આગબોટ બાન્ડા ટાપુઓના મુખ્ય બંદરે પહોંચી ત્યારે મુસાફરે રાહતની ઊંડી લાગણી અનુભવી. ત્યાં તે ટાન્યાને મળ્યો. તેનું કુટુંબ સ્થાનિક હોટેલ ચલાવતું હતું. આ હોટેલનું મકાન વિદેશી બાંધકામવાળું પ્રભાવશાળી હતું જે હોલન્ડના લોકોએ બાંધ્યું હતુ. આથમતા સૂર્યના નારંગી–સફેદ રંગના મિશ્રણવાળા પ્રકાશથી છવાયેલા ટાપુઓના ભવ્ય દ્રશ્યથી તે પ્રસન્ન થઇ ગયો. આમછતાં ટાન્યાએ તેને કહ્યું કે હોટેલનો ધંધો બહુ ખરાબ થઇ ગયો હતો અને છેલ્લાં બે વર્ષમાં તેમની હોટેલમાં રહેવા આવનાર તે પહેલો મહેમાન હતો.

કેટલું ખરાબ કહેવાય. જાયફળ હજી પણ ત્યાં મળતું હતું પણ પેદાશ તરીકે હવે તે કિમતી ગણાતું ન હતું અને મોટા પાયા પરના વેપાર માટે કોઇને રસ લેતા કરવા ઘણું મુશ્કેલ હતું.

## C6 OE Comprehension [36]

મુક્ત બોધપ્રશ્નો

33 મુસાફરની ઉંમર, નાગરિકતા અને તેની મુસાફરીની વિગત વિશે આપણને શું જાણવા મળે છે?

34 મોતીના વેપારી સિવાય આગબોટ પરના બીજા મુસાફરોનું વર્ણન લેખક કેવી રીતે કરે છે? ચાર વિગત આપો.

35 મોતીના વેપારીના દેખાવ વિશે શું કહેવાયું છે અને તેઓ શું કરતા હતા?

36 હોટેલ અને તેના ધંધા વિશે લેખક શું માહિતી આપે છે?

37 લખાણમાં આપેલી માહિતી પ્રમાણે આ ટાપુઓમાં જાયફળના વેપારમાં ૧૭મી સદીથી અત્યાર સુધીમાં કેવા ફેરફાર થયા?

38 મુસાફરને મુસાફરી પહેલાં, મુસાફરી દરમિયાન અને મુસાફરી પછી કેવી લાગણી થઇ તેનું વર્ણન કરો.

## C7 Vocabulary [10]

શબ્દો

નીચે આપેલા શબ્દો લખાણમાં લીટી દોરીને બતાવાયા છે. આ શબ્દોના અર્થ લખો.

39 ઉત્સુક

40 ગભરાયેલા

41 બળવાન

42 રાહત

43 પ્રસન્ન

**End of Paper**

© UCLES & MOE 2006

**BLANK PAGE**

**BLANK PAGE**

Permission to reproduce items where third-party owned material protected by copyright is included has been sought and cleared where possible. Every reasonable effort has been made by the publisher (UCLES) to trace copyright holders, but if any items requiring clearance have unwittingly been included, the publisher will be pleased to make amends at the earliest possible opportunity.

University of Cambridge International Examinations is part of the University of Cambridge Local Examinations Syndicate (UCLES), which is itself a department of the University of Cambridge.